## ગુજરાત યુનિવર્સિટી

નં.એકેડેમિક/3290/૨૦૧૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૩૮૦૦૦૯
તા.૦૪-૦૬-૨૦૧૯

## ચૂંટણીની નોટીસ

બોર્ડ ઓફ એકાઉન્ટન્સ પર સ્ટે.૧૨૩ અનુસાર ત્રણ સભ્યોની ચૂંટણી **તા.૨૪-૦૬-૨૦૧૯ના સોમવારના** રોજ યુનિવર્સિટી કોર્ટ દ્વારા યોજવામાં આવી છે.

ચૂંટણી કોર્ટ દ્વારા થવાની હોવાથી સદરહુ ચૂંટણી સ્ટેચ્યુટ ૧૫૭,૧૫૮,૧૫૯,૧૬૦માં દર્શાવેલી રીતે કરવામાં આવશે.

ચૂંટણી માટે ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય **૧૪-૦૬-૨૦૧૯ના શુક્રવારના રોજ સાંજના ૪-૦૦ વાગ્યા સુધી** કુલપતિશ્રીના આદેશથી નક્કી કરવામાં આવેલ છે,આવેલા ઉમેદવારીપત્રોની ચકાસણી **તા.૧૫-૦૬-૨૦૧૯** ના **શનિવારના રોજ સાંજે ૪-૩૦** વાગ્યે કરવામાં આવશે. ઉમેદવારીપત્રનુ નિયત પત્રક (FORM) કુલસચિવશ્રી પાસેથી માંગણી કર્યેથી મળી શકશે.

ચૂંટણી માટે ઉભા રહેનારા ઉમેદવાર સ્ટેચ્યુટ-૧૨૩ અનુસાર એકિઝક્યુટીવ કાઉન્સિલના સભ્ય હોવા જોઈએ નહી, પરંતુ તેઓ ગુજરાત યુનિવર્સિટીની કોર્ટના સામાન્ય સભ્ય (Class II Ordinary Member) હોવા જરૂરી છે.

ઉમેદવારીપત્ર નિયત પત્રક સ્ટે.૧૪૯ મુજબ ભરેલુ હોવુ જોઈએ.

ચૂંટણી માટેના ઉમેદવાર ઉમેદવારીપત્રો ચકાસણી પછીના ચોવીસ કલાક સુધીમાં એટલે કે **તા.૧૬-૦૬-૨૦૧૯ ના રવિવારના રોજ સાંજે ૪-૩૦ વાગ્યા સુધીમાં** યુનિવર્સિટી કાર્યાલયને પહોંચે એવી રીતે સ્ટે.૧૫૦માં જણાવ્યા પ્રમાણે સાક્ષીની સહી સાથે લેખિત પત્રથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

જો આ ચૂંટણીમાં હરીફાઈ થશે તો સ્ટે.૧૬૦ અનુસાર **તા.૧૮-૦૬-૨૦૧૯ના મંગળવારના** રોજ પ્રત્યેક મતદાર ચૂંટણીમાં ઉભા રહેવાને પાત્ર ઠરેલા ઉમેદવારોને લગતી માહિતી મોકલવામાં આવશે.

મત આપવા માટે મતદાનપેટી **તા.૨૪-૦૬-૨૦૧૯ના સોમવારના રોજ ૧૨-૪૫ થી ૩-૦૦ વાગ્યા સુધી** ખુલ્લી રાખવામાં આવશે. આ સમય પછી આવનાર સભ્યને મતપત્ર મળી શકશે નહીં.

આ ચૂંટણીની પધ્ધતિથી"Proportional representation by means of single transferable vote by ballot" (એકડો,બગડો ઈત્યાદી પધ્ધતિથી) અને ગુપ્ત મતદાનથી થશે.

કા.કુલસચિવ

પ્રતિ,
૧: યુનિવર્સિટી કોર્ટના સર્વે સભાસદો
૨: યુનિવર્સિટી કાર્યાલયના પ્રત્યેક વિભાગના વડા
૩: કુલપતિશ્રીના અંગત મદદનીશશ્રી
૪: કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી